સહાયક અનુદાન મેળવતી
સંસ્થાઓના કર્મચારીઓને છઠ્ઠા
પગાર પંચની ભલામણ મુજબ
પગાર સુધારણા તથા ઉચ્ચતર
પગાર મંજૂર કરવા અંગેની
દરખાસ્તો ચેકલીસ્ટ મુજબ
ચકાસીને રજૂ કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃપગર-૧૦૨૦૧૩- ૮૭ -પ.એ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૦૮/૦૮/૨૦૧૩

વંચાણે લીધાઃ-નાણા વિભાગના તા.૨૧/૨/૨૦૦૯ના અ.સ.પત્ર ક્રમાંકઃ પગર-૧૦૦૯-૧૦૧-પ.એ(અ)

**<u>પરિપત્ર</u>**

નાણા વિભાગના તા.૨૧/૨/૨૦૦૯ના પરિપત્રથી પરિપત્રિત કરવામાં આવેલ સૂચનાઓ અનુસાર રાજ્ય સરકારના જુદા જુદા વહીવટી વિભાગો હેઠળની સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર સુધારણા મંજુર કરવા સંદર્ભે નાણા વિભાગની મંજૂરી સારુ દરખાસ્ત રજુ કરવા અંગેની સૂચના પરિપત્રિત કરવામાં આવેલ છે. તેમ છતાં એવું ધ્યાને આવેલ છે કે વહીવટી વિભાગ દ્વારા તે સૂચનાઓનો અમલ કરવાને બદલે અધુરી અને વિભાગ કક્ષાએ પૂરતી ચકાસણી વગર દરખાસ્ત રજુ કરવામાં આવે છે. જેને કારણે દરખાસ્તની મંજુરીમાં વિલંબ થાય છે. તે રીતે જ અનુદાનિત સંસ્થાઓના કર્મચારીઓ જેમને સરકારની મંજુરીથી ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો લાભ આપવાની મંજૂરી આપવામાં આવેલ છે તેવી સંસ્થાઓ દ્વારા છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર સુધારણાના અનુસંધાનમાં ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો લાભ ચાલુ રાખવા માટે પુનઃ દરખાસ્ત કરવાની રહે છે. તે દરખાસ્તોમાં પણ વહીવટી વિભાગો દ્વારા પૂરતી ચકાસણી વગર અધુરી માહિતી સાથે દરખાસ્ત કરવામાં આવે છે. જેને કારણે દરખાસ્તની વિચારણા/મંજુરીમાં બિન જરૂરી વિલંબ થાય છે. આ પ્રકારના વિલંબને કારણે કેટલીક વાર કોર્ટ કેસ પણ ઊભા થાય છે. તે ધ્યાને લેતાં છઠ્ઠા પગાર પંચની દરખાસ્ત રજુ કરવા માટેનું ચેક લિસ્ટ પુનઃ પરિપત્રિત કરવાની અને ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો લાભ આપવા

અંગેની દરખાસ્ત રજુ કરવા માટે ચેક લિસ્ટ નિયત કરવામાં આવેલ છે.

આથી સચિવાલયના સર્વે વહીવટી વિભાગોને જણાવવાનું કે સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર સુધારણા મંજુર કરવા અંગેની દરખાસ્તો આ પરિપત્રની સાથે જોડેલ ચેક લિસ્ટ પત્રક-૧ મુજબની અને ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો લાભ ચાલુ રાખવા/મંજુર કરવા અંગેની દરખાસ્તો આ પરિપત્રની સાથે જોડેલ ચેક લિસ્ટ-પત્રક-૨ મુજબની માહિતી સાથે, વિભાગ કક્ષાએ ચકાસી, વિભાગના સ્પષ્ટ અભિપ્રાય/ભલામણ સાથે રજુ કરવાની રહેશે. વધુમાં આ દરખાસ્તો નાણા વિભાગના તા.૨૨/૬/૨૦૧૦ના પરિપત્ર અનુસાર શેડો ફાઇલ સાથે રજુ કરવાની રહેશે.

આ સૂચનાઓનું અચૂકપણે પાલન થાય તે જોવા દરેક વહીવટી વિભાગોને વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.ડી.સેઇલર)
નાયબ સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર.
  માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.
- સચિવશ્રી,ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
  સચિવાલયના સર્વે વિભાગો.
  સર્વે ખાતાના/કચેરીઓના વડાઓ.
  નાણા વિભાગના સર્વે અધિકારીઓ/શાખાઓ
  સિલેકટ ફાઇલ, પગાર એકમ/મ-શાખા.
- પત્ર દ્વારા

પત્રક-૧

(નાણા વિભાગના તા. ૮-૮-૨૦૧૩ના પરિપત્ર ક્રમાંક:પગર-૧૦૨૦૧૩-૮૭-પ.એ.નું બિડાણ)

## સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચની ભલામણ મુજબ પગાર સુધારણા મંજૂર કરવા અંગેની દરખાસ્તની વિચારણા માટેનું ચેક લીસ્ટ

| ક્રમ | મુદ્દા | પૂર્તતા |
|---|---|---|
| ૧ | રાજ્ય સરકાર દ્વારા સંસ્થાના કર્મચારીઓને પાંચમા પગાર પંચ મુજબ પગાર સુધારણા મંજૂર કરવામાં આવેલ છે કે સંસ્થાના નિયામક મંડળની મંજુરીથી તેની વિગત અને મૂળ કાગળો રજુ કરવા | |
| ૨ | સંસ્થાના મહેકમની જગ્યાઓ અને તે પૈકી પગાર સુધારણા મંજૂર કરવાપાત્ર જગ્યાઓની સંખ્યા (રાજ્ય સરકારની મંજુરીથી ઊભી કરવામાં આવેલી હોય અને પાંચમા પગાર પંચ મુજબ પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ તેવી જગ્યાઓ અને ત્યાર પછી જે જગ્યાઓ સરકારની સંમતિથી ઉભી કરવામાં આવી હશે તેવી જગ્યાઓને જ પગાર સુધારણાનો લાભ આપી શકાશે.) | |
| 3 | ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા નિયમ ૧૯૯૮ (આરઓપી-૧૯૯૮) હેઠળ જે તે સંવર્ગના માન્ય પગાર ધોરણો અમલમાં છે તે સામે નવા પગાર ધોરણો સ્કેલ ટુ સ્કેલ (નવા પે બેન્ડ-ગ્રેડપે) દર્શાવતું પત્રક રજુ કરવું | |
| ૪ | સંસ્થાની તમામ જગ્યાઓ સરકારની મંજૂરીથી ઉભી કરવા આવી છે કે કેમ ? ગ્રાન્ટ ઇન એઇડના અન્ય નીતિ નિયમો (ગ્રાન્ટ ઈન એઈડ કોડ) નું પાલન થાય છે કે કેમ ? કઇ અને કેટલી જગ્યાઓ રદ્દ કરવા પાત્ર છે ? વગેરે મુદ્દાઓની ચકાસણી કરી, ચકાસણી કર્યા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. | |
| ૫ | નાણા વિભાગના તા. -૬-૨૦૦૬ના ઠરાવ હેઠળ નિયત મુદત માટે ફીકસ પગારથી ભરવાની અને મુદત પુરી થયેથી નિયમિત પગાર ધોરણ મંજુર કરવાની શરતે જે જગ્યાઓ ભરવાની મંજૂરી આપવામાં આવેલ હોય તે જગ્યાઓની સંવર્ગવાર સંખ્યા | |

| | | |
|---|---|---|
| ૬ | રાજ્ય સરકાર તરફથી, કેન્દ્ર સરકાર કે અન્ય સંસ્થા/વ્યક્તિઓ તરફથી મળતા અનુદાનની વિગતો | |
| ૭ | રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર કે અન્ય સંસ્થા/વ્યક્તિઓ તરફથી મળતા કુલ અનુદાન (ગ્રાન્ટ) ની રકમ પૈકી પગાર અને ભથ્થાઓની રકમ કેટલા ટકા થાય છે ? | |
| ૮ | સંસ્થાનો કાયદાકીય દરજ્જો (લીગલ સ્ટેટસ) | |
| ૯ | આવી સંસ્થા હેઠળ સરકારની મંજૂરીથી ભરવામાં આવેલ મહેકમ મુજબના કર્મચારીઓની સંવર્ગવાર કુલ સંખ્યા અને રાજ્ય સરકારની મંજૂરી વગર ભરવામાં આવેલ જગ્યાઓની સંખ્યા | |
| ૧૦ | આવી સંસ્થાઓના કર્મચારીઓ માટે રાજય સરકારના સેવા વિષયક નિયમો લાગુ પાડવામાં આવે છે કે સંસ્થાના પોતાના નિયમો ઘડવામાં આવેલા છે? | |
| ૧૧ | (અ) રાજ્ય સરકારની મંજૂરીથી સંસ્થાના કર્મચારીઓને આપવામાં આવતા ભથ્થાં અને તેના દર<br>(બ) રાજ્ય સરકારની મંજૂરી વગર સંસ્થા દ્વારા કર્મચારીઓને આપવામાં આવતા અન્ય લાભો | |
| ૧૨ | (અ) સંસ્થાના કર્મચારીઓ G P F, C P F કે NPS ખાતુ ધરાવતા હોય તો કયા દરે (પ્રતિમાસ કેટલા ટકા) કપાત કરવામાં આવે છે ? સંસ્થા દ્વારા તે રકમ કર્મચારીના ખાતામાં નિયમિત જમા કરાવવામાં આવેલ છે કે કેમ?<br>(બ) સંસ્થાના કર્મચારીઓને નિવૃતિ લાભો આપવામાં આવતા હોય તો તેની વિગતો | |
| ૧૩ | પાંચમા પગાર પંચ મુજબ હાલ પગાર-ભથ્થાં પાછળ થતા ખર્ચની વિગતો, છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ધોરણોના અમલને કારણે થનાર અંદાજિત ખર્ચની વિગતો તેમજ વધારાના વાર્ષિક બોજની વિગત. | |
| ૧૪ | સંસ્થાના હિસાબોનું વાર્ષિક ઓડીટ નિયમિત કરાવવામાં આવે છે કે કેમ? છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ અહેવાલની નકલ રજુ કરવી | |

| | | |
|---|---|---|
| ૧૫ | સંસ્થાની રચનાના હેતુ અનુસારની સંસ્થાની કામગીરીનું વખતોવખત નિરીક્ષણ કરી, કામગીરીની સમીક્ષા કરવામાં આવેલ હોય તો છેલ્લે કરવામાં આવેલ સમીક્ષાનો અહેવાલ રજુ કરવો | |
| ૧૬ | સંસ્થા દ્વારા રજુ કરવામાં આવેલ વિગતોની વહીવટી વિભાગ/ખાતા દ્વારા ચકાસણી કરવામાં આવેલ છે કે કેમ અને તે સંદર્ભે વિભાગ/ખાતાના વડાની સ્પષ્ટ ભલામણ | |

પત્રક-૨

(નાણા વિભાગના તા.૮-૮-૨૦૧૩ના પરિપત્ર ક્રમાંક:પગર-૧૦૨૦૧૩-૮૭-પ.એ.નું બિડાણ)

## સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો લાભ ચાલુ રાખવા/મંજુર કરવા અંગેની દરખાસ્તો રજુ કરવા અંગેનું ચેક-લીસ્ટ

| ક્રમ | મુદ્દા | પૂર્તતા |
|---|---|---|
| ૧ | સહાયક અનુદાન મેળવતી સંસ્થાનું:<br>(૧) નામ :-<br>(૨) સરનામું<br>(૩) કઇ તારીખથી અસ્તિત્વમાં આવેલ છે?/સ્થાપના થયેલ છે.?<br>(૪) જે એકટ /નિયમો હેઠળ નોંધણી થયેલ હોય તેની વિગત /નોંધણીની તારીખ | |
| ૨ | જે ઠરાવથી સહાયક અનુદાન મેળવતી સંસ્થા તરીકે સૌ પ્રથમ માન્યતા આપવામાં આવેલ હોય તેના નંબર અને તારીખ દર્શાવી ઠરાવની નકલ જોડવી. | |
| ૩ | સંસ્થા શું પ્રવૃત્તિ કરે છે? તેની સ્થાપનાનો હેતુ? | |
| ૪ | સંસ્થાના કુલ ખર્ચમાં પગાર-ભથ્થા અંગેના ખર્ચનું પ્રમાણ? | |
| ૫ | સંસ્થા દ્વારા જુદા જુદા હેતુ માટે કરવામાં આવતો કુલ ખર્ચ અને સંસ્થાને આપવામાં આવતા અનુદાનની હેતુવાર રકમ અને ટકાવારીની વિગતો (પગાર-ભથ્થાં, મકાન, વિકાસ, જાળવણી વગેરે) | |
| ૬ | સંસ્થામાં કુલ કેટલા કર્મચારીઓ છે?<br>પગાર ધોરણ/સંવર્ગવાર કર્મચારીઓની સંખ્યા દર્શાવતું પત્રક જોડવું | |
| ૭ | કર્મચારીઓ C.P.F. યોજના હેઠળ છે કે G.P.F. યોજના હેઠળ છે? જો GPF યોજના હેઠળ હોય તો તા.૫-૭-૧૯૯૧ના રોજ GPF યોજના હેઠળ હતા કે કેમ? અને ઉચ્ચતર પગાર ધોરણની યોજના અંગેના નાણા વિભાગના તા. ૧૬-૦૮-૯૪ અને તા.૨/૭/૨૦૦૭ના ઠરાવોની શરતો સંતોષાય છે કે કેમ? | |

| | | |
|---|---|---|
| ૮ | સરકારી કર્મચારીઓને લાગુ પડતા ગુજરાત રાજ્ય મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨, સેવા વર્તણૂંકના નિયમ,૧૯૭૧, શિસ્ત અને અપીલના નિયમો,૧૯૭૧ તથા સંબંધિત સંવર્ગ/ જગ્યાના ભરતી નિયમો/પરીક્ષા નિયમો સંસ્થાના કર્મચારીઓને લાગુ પડે છે કે કેમ? | |
| ૯ | વખતો વખત પગાર પંચના લાભો આપેલા છે કે કેમ?<br>(૧) ચોથું પગાર પંચ નિયામક મંડળની મંજૂરીથી/ વહીવટી વિભાગની મંજૂરીથી કે નાણા વિભાગની મંજૂરીથી આપેલ છે? અને તે મંજૂર કર્યાની તારીખઃ<br>(ઠરાવની નકલ જોડવી) | |
| | (૨) પાંચમું પગાર પંચ નિયામક મંડળની મંજૂરીથી/ વહીવટી વિભાગની મંજૂરીથી કે નાણા વિભાગની મંજૂરીથી આપેલ છે? અને તે મંજૂર કર્યાની તારીખઃ<br>(ઠરાવની નકલ જોડવી) | |
| | (3) છઠ્ઠું પગાર પંચ નિયામક મંડળની મંજૂરીથી/ વહીવટી વિભાગની મંજૂરીથી કે નાણા વિભાગની મંજૂરીથી આપેલ છે? અને તે મંજૂર કર્યાની તારીખઃ<br>(ઠરાવની નકલ જોડવી) | |
| ૧૦ | કોઇ ચોક્કસ પગારપંચ વખતે ઉચ્ચત્તર પગાર ધોરણ અને અન્ય કોઇ બાબતો અંગે કોઇ શરતો લાગુ પાડવામાં આવેલ છે કે કેમ? જો, હા, તો તેની વિગત. | |
| ૧૧ | પગાર પંચ સબંધિત તમામ લાભો આપેલ છે કે કોઇ ચોક્કસ લાભો? જો કોઇ ચોકકસ લાભો આપેલ હોય તો તેની વિગત અને તેના કારણો. | |
| ૧૨ | અગાઉ ઉચ્ચત્તર પગાર ધોરણ અમલમાં હોય તો નાણા વિભાગની મંજુરીથી, વહીવટી વિભાગની મંજુરીથી કે નિયામક મંડળની મંજુરીથી અમલમાં મુકવામાં આવેલ છે? કઇ તારીખથી ? ઠરાવની નકલ જોડવી | |

| | | |
|---|---|---|
| ૧૩ | નિયામક/સંચાલક મંડળની મંજુરીથી ઉચ્ચતર પગાર ધોરણની મંજુરી આપવામાં આવેલ હોય તો આ પ્રકારની સત્તા સંસ્થાના સંચાલક મંડળને છે કે કેમ? | |
| ૧૪ | સંસ્થાના દ્વારા હિસાબો નિયમિત ઓડીટ કરાવી ઓડીટ અહેવાલ રજૂ કરવામાં આવેલ છે કે કેમ, છેલ્લા ત્રણ વર્ષના અહેવાલ રજૂ કરવામાં આવેલ છે કે કેમ? | |
| ૧૫ | વહીવટી વિભાગ/સંબંધિત ખાતાના વડાની કચેરી દ્વારા સંસ્થાની કામગીરીની સમીક્ષા કરવામાં આવેલ છે કે કેમ?, જો કામગીરીની સમીક્ષા કરવામાં આવેલ હોય તો તેનો સમીક્ષા અહેવાલ રજૂ કરવો અને સંસ્થાની કામગીરી સંતોષકારક હોવા અંગે સ્પષ્ટ અભિપ્રાય આપવો. | |
| ૧૬ | જો સંસ્થાના કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણની મંજુરી આપવામાં આવે તો કેટલું વધારાનું નાણાકીય ભારણની પડશે? અને તે અંગેનો ખર્ચ સંસ્થાના સ્વભંડોળમાંથી કરવામાં આવશે કે રાજ્ય સરકારની ગ્રાંટમાંથી ખર્ચ કરવામાં આવશે? | |
| ૧૭ | કેશ- ફ્લો ફોરકાસ્ટ | |
| ૧૮ | (૧) આજની તારીખે આવક અને ખર્ચની વિગતો,<br>(૨) આવક કયાંથી, કઇ રીતે મળે છે?<br>તેમજ ઉચ્ચત્તર પગારધોરણ આપવાથી આવક/ખર્ચને શું અસર થશે? | |